જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૬/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૯૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.03/0૬/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૫ | ૪,૫૫,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>પી.સી.બી.:-</u>

### <u>"શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારના માધુભાઈ મીલ કંપાઉન્ડમા આવેલ કાચા છાપરાઓ તેમજ અમદાવાદ પશ્ચીમ રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ પ્લેટફોર્મ ન.૧૨ ની પાછળથી વિદેશી તેમજ દેશી દારુનો જથ્થો મળી કુલ્લે રૂપિયા ૩૨,૬૧૨/- નો મુદામાલ પકડી પાડતી પી.સી.બી."</u>

મે.પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૦૩.૦૬.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, મ.સ.ઈ. વિષ્ણુભાઈ ગોપાલદાસ બ.ન.૩૭૪૪, અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિંહ, બ.ન.૬૧૬૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અ.હે.કો. તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો.નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અ.હે.કો. જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.હે.કો.અનિરુધ્ધસિહં ધીરુભાઈ બ.ન.૮૯૯૦ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.ઈન્સ.શ્રી ટી.આર.ભટ્ટ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે કાલુપુર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ન.૧૨ ની પાછળ માધુભાઈ મીલ કંપાઉન્ડમા આવેલ કાચા છાપરાઓમાં તેમજ અમદાવાદ પશ્ચીમ રેલ્વે પ્લેટફોર્મ નંબર ૧૨ પાસે નવી બનતી મેટ્રો રેલ્વેની સાઈટની પાછળ સંતાડેલ ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ-૧૪૮ કિ.રૂ.૩૧,૨૩૨/- તથા દેશી દારૂ ૬૯ લીટર કિ.રૂ.૧૩૮૦/- સાથે મળી કુલ્લે રુપિયા ૩૨,૬૧૨/- નો મુદામાલ પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે વિદેશી દારૂ બાબતે સી પાર્ટ ૧૧૧૯૧૦૪૧૨૨૦૮૯૪/૨૦૨૨ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબ તથા દેશી દારૂ બાબતે સી પાર્ટ ૧૧૧૯૧૦૪૧૨૨૦૮૯૩/૨૦૨૨ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એઈ), ૮૧ મુજબ તથા અમદાવાદ પશ્ચીમ રેલ્વે પો.સ્ટેશન પાર્ટ સી ૧૧૧૯૯૪૦૦૧૨૨૦૧૨૪ /૨૦૨૨ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એઈ), ૧૧૬(૧)(બી), મુજબ ત્રણ અલગ અલગ ગુનાઓ રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>**નહી પકડાયેલ આરોપીઓ:**</u>

વિદેશી દારુ નો જથ્થો સંતાડનાર (૧) ગુલબાઝખાન હકીમખાન પઠાણ (૨) અઝબ હકીમખાન પઠાણ બન્ને રહે: મનુભાઈની નવી ચાલી, પતરાવાળી મસ્જીદ પાસે, અમદાવાદ શહેર

<u>**દેશી દારૂ નો જથ્થો સંતાડનાર**</u>

(૧) પરવેઝ રહે.કાલુપુર (૨) અકીલ રહેવાસી- માધુભાઈ મીલ કંપાઉન્ડ શહેરકોટડા અમદાવાદ

**ગુનાની જગ્યા :**

કાલુપુર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ન.૧૨ ની પાછળ માધુભાઈ મીલ કંપાઉન્ડમા આવેલ કાચા છાપરાઓ પૈકી વચ્ચેના ભાગે આવેલ છાપરામા તેમજ તેની નજીકના બીજા છાપરામાં તથા અમદાવાદ પશ્ચીમ રેલ્વે પ્લેટફોર્મ નંબર ૧૨ પાસે નવી બનતી મેટ્રો રેલ્વેની સાઈટની પાછળ

**પકડાયેલ મુદામાલ :**

(૧) ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૧૪૮ કિ.રૂ.૩૧,૨૩૨/- (૨) દેશી દારૂ ૬૯ લીટર કિ.રૂ.૧૩૮૦/- મળી કુલ્લે રુપિયા ૩૨,૬૧૨/ ની મત્તાનો મુદામાલ



# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ (૧)

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૩૯૪/૨૦૨૨ જુગાધર ધારા ૪,૫ મુજબના જુગાર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૧૯/૨૦૨૨ તા.03/0૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.03/0૬/૨૦૨૨ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામઃ-**

નિતેશ ગંગારામ કેશવલાલ પટેલ રહે.મ.નં.બી/૨૭,પુજા એપાર્ટમેન્ટ હીરાવાડી કિર્તિ ડેરી આગળ કૃષ્ણનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ (૨)

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૪૬૪/૨૦૨૨ જુગાર ધારા કલમ ૪,૫ મુજબના જુગાર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૨૦/૨૦૨૨ તા.૦૩/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૩/૦૬/૨૦૨૨ ના કલાકઃ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામ:-**

રાજેશ જયંતિલાલ છોટાલાલ જોષી રહે.મ.નં.૧,અંબાલાલ પાર્ક ઉમા હોસ્પીટલ સામે નવા નરોડા અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

**પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ** તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૬ લીટર દેશી દારૂ, ૨૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૯૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૯૯૪/૨૦૨૨**

**બાપુનગરઃ** વેણુબહેન રઘુનાથભાઈ પાટીલ (ઉ.વ.૭૧)(રહે.ગુ.હા.બોર્ડ ખોડિયાર મંદિરની ગલીમાં બાપુનગર) એ તા.૦૩/૦૬/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૨ ના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે વેણુબહેન પોતાના ઘર આગળ ખાટલામાં સુતા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષે વેણુબહેનના ગળામાં પહેરેલ સોનાનુ પેન્ડલ સહિતનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૯૫/૨૦૨૨**

**કાલુપુરઃ** મુઆવિયા ફારૂકભાઇ શેખ (ઉ.વ.૨૮)(રહે.મહાવિર માર્ગ, બિપિન વ્યાસ દવાખાનાની સામે, હમઝા પાર્ક, આણંદ) એ તા.૦૩/૦૬/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૨ સવારનાં ૧૧/૩૦ થી ૧૧/૫૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર કડીયાકુઇ થી રીલીફ રોડ, પાદશાહની પોળના નાકા, રેમન્ડ શો-રૂમની બાજુના રોડ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ અન્ય ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી મુઆવિયાની નજર ચુકવી તેમના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૯૬/૨૦૨૨</u>**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** અજયભાઇ કાંન્તિભાઇ મકવાણા (ઉ.વ.૩૮)(રહે.ગલી નંબર-૦૨, શીવશક્તિ નગર માધુપુરા) એ અગમ્ય કારણસર તા.03/0૬/૨૦૨૨ સવારના ૧0/30 વાગ્યા પેહલા કોઇપણ સમયે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-0૬ પાસે સાબરમતી નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહાદુરસિહ ચલાવે છે.

**રામોલઃ** બાબુલાલ મણિલાલ પટેલ (ઉ.વ.૬૨)(રહે.ક્રીશ એવન્યુ વિભાગ-૦૨ આલોક ફ્લેટની સામે, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.03/0૬/૨૦૨૨ સવારના ૮/00 વાગ્યા પહેલા કોઇપણ સમયે ક્રીશ એવન્યુ “એમ” બ્લોકના ધાબા ઉપર પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.